ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

**ક્રમાંક:** બીઝેડ/ફોરમ/૫૦/૨૧–૨૨/ 560 તારીખ : 18 FEB 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**મે.ઈન્ડસ્ટ્રીયલ જવેલ્સ પ્રા.લી,**
**''દેવી ભવન'', વિકટોરીયા પાર્ક રોડ,**
**મું.ભાવનગર.** 364001,

કેસ નં.૫૦/૨૧–૨૨

**મો.નં–૯૪૨૬૨ ૫૬૦૩૭.**

**વિષય : અમારા એચ.ટી. કનેકશન નં–૨૩૦૧૪ ના ૩.૬૮% સ્લોનેસ નું બિલ બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૪/૦૯/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૦/૦૯/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૦/૨૧–૨૨/૨૮૧૧ તા.૨૦/૦૯/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૦/૨૧–૨૨/૧૨૪ તા.૧૩/૦૧/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૮/૦૧/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
શહેર વિભાગીય કચેરી–૧, **ભાવનગર.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૫૦/૨૧–૨૨</u>** ☜

વાદી :– **મે.ઈન્ડસ્ટ્રીયલ જવેલ્સ પ્રા.લી.,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખ:– તા.૨૮/૦૧/૨૦૨૨</u>** ◈

હાજર રહયા :– **શ્રી જીગ્નેશભાઈ ગોરધનભાઈ મકવાણા (વાદી ના અધિકૃત પ્રતિનિધિ)**

પ્રતિવાદી :– **શ્રી ટી.એમ.પંડયા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૧, ભાવનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે.ઈન્ડસ્ટ્રીયલ જવેલ્સ પ્રા.લી.,મું.ભાવનગર ની અમારા એચ.ટી. કનેકશન નં–૨૩૦૧૪ ના ૩.૬૮ % સ્લોનેસ નું બિલ બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૦/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૦/૨૧–૨૨/૨૮૧૧ તા.૨૦/૦૯/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૨૮/૦૧/૨૦૨૨</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી ના અધિકૃત પ્રતિનિધિ શ્રી જીગ્નેશભાઈ ગોરધનભાઈ મકવાણા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી ટી.એમ.પંડયા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૧, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમારી કંપનીના તા.૨૧/૬/૨૧ ના પત્રથી આપ સાહેબ ને રીપેરીગ માટે એચ.ટી.લાઈન બંધ કરી આપવા રજૂઆત કરેલ અને તે પત્ર માં સીટીપીટી માંથી ઓઈલ લીકેજ થતું હોય, જે અંગે ઘટીત કાર્યવાહી કરવા જણાવેલ. પરંતુ, આ રજૂઆત અંગે આપની કંપની તરફથી ઉચીત કે યોગ્ય કાર્યવાહી ઓઈલ લીકેજ બંધ કરવા અંગે કરવામાં આવેલ નહી. જેના કારણે પણ સીટીપીટી ડેમેજ થયું હોય, અને સ્લોનેસ નું પૂરવણી બિલ અમોને આપવામાં આવેલ. જો, આપના તરફથી જીઈઆરસી ના સપ્લાય કોડ ના મુદા નં–૬.૪૨ નું પાલન કરી સીટીપીટી નું ઓઈલ બંધ કરવા કે અન્ય ચકાસણી વહેલી તકે કરવામાં આવી હોત તો, પીજીવીસીએલ ને સીટીપીટી નું નુકશાન ભોગવવું ન પડત અને અમને સ્લોનેસ નું બિલ બનવા ન પામત. જે વિદીત થાય.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૨ જીઈઆરસી ના સપ્લાય કોડ અને સંબંધિત મીટર રેગ્યુલેશન નોટીફીકેશન ના મુદા નં–૬.૧૫ માં સ્પષ્ટ જણાવવામાં આવેલ છે કે, વિજ મીટર અને સંલગ્ન વિજ ઉપકરણો (સીટીપીટી) ને મેઈન્ટેન અને વર્કીંગ ઓર્ડર માં દરેક સમયે રાખવાની જવાબદારી વિજ કંપની ના સંબંધિત વિભાગ ની ઠરાવવામાં આવે છે. તેમછતાં, મુદા નં–૧ અન્વયે, કોઈ કાર્યવાહી નહી કરી નિયમ નું ઉલ્લંઘન કરી બિલ રૂા.૧,૧૭,૧૮૫/૨૩ ભરપાઈ કરવા જણાવેલ છે. જે યોગ્ય નથી.

૧.૩ જીઈઆરસી ના સપ્લાય કોડ ના મુદા નં–૬.૨૬, ૬.૨૭ નું પાલન આપના વિભાગ તરફથી કરવામાં આવેલ હોય, તેમ જણાતું નથી. જે વિદીત થાય.

૧.૪ આપના પત્ર મુદા નં–૨ માં અમોને માત્ર ચેકીંગ શીટ આપેલ છે.(ચકાસણી અહેવાલ) માટે આપના તા.૬/૮/૨૧ ના (૩૭૮૧ પત્ર) માં જીઈઆરસી ના સપ્લાય કોડ નો મુદા નં–૬.૩૩ માં સ્પષ્ટ જણાવેલ છે કે, બે વર્કીંગ દિવસ ની અંદર વિજ કંપનીએ ફોલ્ટી વિજ મીટર તથા સંલગ્ન વિજ ઉપકરણોનો ટેસ્ટ રીપોર્ટ મોકલવાનો થાય છે.

જે અનુસાર આપના વિભાગ દ્વારા તા.૨૨/૭/૨૦૨૧ ના રોજ સીટીપીટી ચકાસણી ચેકીંગ શીટ આપવામાં આવેલ છે. પરંતુ, દિવસ–૨ ની અંદર ટેસ્ટ રીપોર્ટ આપવાનો થાય છે. તે નિયત સમયમર્યાદામાં આપના તરફથી ટેસ્ટ રીપોર્ટ આપવામાં આવેલ નથી. આ બાબતે અમારા દ્વારા આપની તારીખ વગર પત્ર થી રજૂઆત કરતા જે તમોએ તા.૩૧/૭/૨૦૨૧ ના રોજ મળેલ. ત્યારબાદ, આપના તરફથી કાર્યવાહી કરવામાં આવેલ છે. અને તા.૩/૯/૨૦૨૧ ના રોજ વિજ મીટર ઉપકરણ (સીટીપીટી) ટેસ્ટ કરવામાં આવેલ છે.

અહેવાલ માં આપના દ્વારા જણાવવામાં આવેલ છે કે, બી ફેઈઝ ના વોલ્ટેજ સીટીપીટી ની યાંત્રિક ખામીને કારણે લો ઈન બેલેન્સ થઈ ગયેલ છે. જેના લીધે સ્લોનેસ ૩.૬૮% થયેલ છે. તે ડીઈ(એચટી) ચેકીંગ શીટ નં–બીઝેડ/૨૫૨૨૦ તા.૨૨/૭/૨૦૨૧ અને રીપ્લેસમેન્ટ ચેકીંગ શીટ નં–બીઝેડ/૨૧૪૩૧ તા.૨૪/૭/૨૦૨૧ સાથે સુસંગત જણાય છે. સીટીપીટી યુનિટ માં ટ્રાન્સપોર્ટ હેન્ડલીંગ દરમ્યાન વાય ફેઈઝના વોલ્ટેજ સીટીપીટી માં ઈન્ટરનલ ડીફેકટ થઈ હોવાના લીધે લો થઈ ગયેલ છે, તેમ જણાવેલ છે.

આ બાબતે જણાવવાનું કે, ટ્રાન્સપોર્ટ દરમ્યાન વાય ફેઈઝના વોલ્ટેજ સીટીપીટીમાં ઈન્ટરનલ ડીફેકટ થઈ હોવાના લીધે તે લો થઈ ગયેલ છે, તે તારણ/કારણ યોગ્ય જણાતું નથી. પરંતુ, સીટીપીટીમાં જ ખામી હોય, આવું બનેલ છે. જેથી, ડીફેકટીવ સીટીપીટી અન્વયે અમોને સ્લોનેસ ૩.૬૮% દર્શાવી પૂરવણી વિજ બિલ ભરપાઈ કરવા જણાવેલ છે, તે અમોને માન્ય નથી.

૧.૫ ઉપરોકત મુદાઓ ઉપરાંત આપની પીજીવીસીએલ કંપની હસ્તક એમઆરઆઈ ડેટા હોવા છતાં, આપની પીજીવીસીએલ કંપની દ્વારા એમઆરઆઈ ડેટા નજર અંદાજ કરી ધ્યાને ન લઈ, અમોને ૩.૬૮% સ્લોનેસ દર્શાવી પૂરવણી બિલ આપેલ છે. જે સુસંગત નથી.

Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત છે કે,</u>**

૨.૧ જીઈઆરસી સપ્લાય કોડ ના મુદા નં–૬.૪૨ આ કેસ માં લાગુ પડતુ નથી. તેમજ સદર કેસમાં જીઈઆરસી સપ્લાય કોડ ના મુદા નં–૬.૪૦ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે. ગ્રાહકશ્રી દ્વારા તા.૨૧/૬/૨૦૨૧ નો લેખિત પત્ર નાયબ ઈજનેરશ્રી, એચ.ટી.સબ ડિ., ને રજૂ કરેલ. જે પત્ર માં શુક્રવાર તા.૨૫/૬/૨૦૨૧ ના રોજ સવારે ૭–૦૦ વાગ્યા થી એચ.ટી.લાઈન ટેમ્પરરી બંધ કરવા માટે જણાવેલ હતું. અને એચ.ટી.લાઈન નું રીપેરીંગ કામ તેમના દ્વારા પૂર્ણ થયેથી, એચ.ટી.લાઈન શરૂ કરવા વિનંતી કરેલ. જે સંદર્ભે નાયબ ઈજનેરશ્રી, એચ.ટી સ.ડિ, દ્વારા તેમની રજૂઆત ને ધ્યાનમાં લઈ કાર્યવાહી હાથ ધરેલ હતી.

સદર પત્ર માં '' સીટીપીટી માંથી ઓઈલ લીકેજ થતું હોય જે અંગે ઘટતું કરવા વિનંતી. '' તેવી નોંધ દર્શાવેલ. જે **સંદર્ભે નાયબ ઈજનેર, એચ.ટી.સ.ડિ,ઓફીસ દ્વારા સ્થળ મુલાકાત કરી સીટીપીટી ની બાહય રીતે તપાસણી** કરેલ અને સીટીપીટીમાંથી ઓઈલ લીકેજ થતું હોય એવું જણાયેલ ન હતું. આ સાથે એચ.ટી.સ.ડિ ની ડેઈલી વર્ક રજીસ્ટર (સ્થળ વેરીફીકેશન) ની નકલ સામેલ છે.

આમ, ગ્રાહક ના જણાવ્યા પ્રમાણે જીઈઆરસી સપ્લાય કોડ ના મુદા નં–૬.૪૨ પાલન કરી સીટીપીટી નું ઓઈલ લીકેજ બંધ કરવા કે અન્ય ચકાસણી વહેલીતકે કરવામાં આવી હોત તો, પીજીવીસીએલ ને સીટીપીટી નું નુકશાન નો ભોગવવું પડત અને સ્લોનેસ નું બિલ પાઠવવા નું નો બનવા પામત. જે સંદર્ભે જણાવવાનું કે, ગ્રાહક ની લેખિત રજૂઆત બાદ તુરંત જ સ્થળ પર સીટીપીટી નું બાહય પરીક્ષણ કરવામાં આવેલ અને ઓઈલ લીકેજ ન થતું હોવાથી તે સંદર્ભે અન્ય કોઈ કાર્યવાહી કરવાની જરૂરીયાત રહેતી ન હતી.

૨.૨ ગ્રાહક દ્વારા તા.૨૧/૬/૨૦૨૧ ના પત્ર થી રજૂઆત કરેલ, ત્યારબાદ મુદા નં–૧ માં જણાવ્યા મુજબ ની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. અને તા.૨૨/૭/૨૦૨૧ ના રોજ રૂટીન ચેકીંગ દરમ્યાન એલ.ટી.સાઈડે એકયુચેક ટેસ્ટ લેતા રીઝલ્ટ માં સેકન્ડરી સાઈડે મીટરમાં ઓછા વોલ્ટેજ મળતા હોવાના કારણે મીટરમાં ૩.૬૮% થતો વિજ વપરાશ ઓછો નોંધાતા નો માલૂમ પડેલ. જેનો તપાસણી અહેવાલ વિગતવાર ચેકીંગ શીટ નં–બીઝેડ/ ૨૫૨૨૦ તા.૨૨/૭/૨૦૨૧ ને નાયબ ઈજનેરશ્રી એચ.ટી.સ્કવોડ, ઝોનલ કચેરી, ભાવનગર અને નાયબ ઈજનેરશ્રી(લેબ), સીટી –૧ ડિવિઝન, ભાવનગર દ્વારા વિજ જોડાણ ની તપાસણી કરી અહેવાલ તૈયાર કરવામાં આવેલ.જે અન્વયે, રૂા.૧,૧૭,૧૮૫/૨૩ સ્લોનેસ નું બિલ ભરપાઈ કરવા જણાવેલ હતું. આમ, સદર કેસમા જીઈઆરસી સપ્લાય કોડ ના કલમ નં–૬.૧૫ મુજબ વિજ મીટર અને સંલગ્ન વિજ ઉપકરણોની સમયાંતરે જાળવણી કરવામાં આવેલ છે. અને તે માટે જ દર છ માસે નિયમીત રીતે મીટર ની તથા સંલગ્ન ઉપકરણોની ચકાસણી કરવામાં આવે છે. જેની વિગત મુદા નં–૩ ના કોષ્ટક માં દર્શાવેલ છે. અને આથી જ સદર પૂરવણી બિલ જીઈઆરસી સપ્લાય કોડ ની કલમ નં–૬.૩૩ મુજબ સ્લોનેસ નું છ માસ નું બિલ આપવામાં આવેલ છે.

૨.૩ જીઈઆરસી સપ્લાય કોડ ના મુદા નં–૬.૨૬, ૬.૨૭ નું પાલન કરવામાં આવેલ હોય, તેમ જણાતું નથી તેમ ગ્રાહક દ્વારા જણાવેલ છે. જે સંદર્ભે જણાવવાનું કે, સદર વિજ જોડાણ સમયાંતરે એટલે કે, દર છ માસે ચેક

Redressal Forum P.G.V.C.L. Bhavnagar

કરવામાં આવેલ છે. અને ગ્રાહકની તે ચકાસણી અહેવાલની નકલ પણ આપવામાં આવેલ છે. છેલ્લા બે વર્ષ માં સમયાંતરે ચકાસણી થયેલ તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ નં | તારીખ | ચેકીંગ શીટ નં | એક્યુચેક રીઝલ્ટ |
|---|---|---|---|
| ૧ | ૩૧/૮/૨૦૧૯ | બીઝેડ/૨૨૫૮૫ | રૂટીન ચેકીંગ |
| ૨ | ૨૦/૧/૨૦૨૦ | બીઝેડ/૨૨૭૫૧ | રૂટીન ચેકીંગ |
| ૩ | ૨૯/૭/૨૦૨૦ | બીઝેડ/૨૦૯૫૩ | રૂટીન ચેકીંગ અને સીમ રીપ્લેસ |
| ૪ | ૧૬/૧/૨૦૨૧ | બીઝેડ/૨૪૩૯૦ | રૂટીન ચેકીંગ |
| ૫ | ૨૨/૭/૨૦૨૧ | બીઝેડ/૨૫૨૨૦ | રૂટીન ચેકીંગ અને સ્લોનેસ ૩.૬૮% |
| ૬ | ૨૪/૭/૨૦૨૧ | બીઝેડ/૨૧૪૩૧ | સીટીપીટી રીપ્લેસ |

આમ, ઉપરોક્ત વિગત થી જણાય છે કે, ગ્રાહક દ્વારા કરવામાં આવેલ રજૂઆત ખરી નથી અને ઉપરોક્ત ચેકીંગ થયેલ છે. ચેકીંગ જેની ચેકીગ શીટ ની નકલો આ સાથે સામેલ છે.

૨.૪ ગ્રાહક દ્વારા જીઈઆરસી સપ્લાય કોડ ના મુદ્દા નં–૬.૩૩ નો ઉલ્લેખ કરી જણાવેલ છે કે, વિજ કંપની એ દિવસ–૨ માં વીજ મીટર તથા સંલગ્ન વિજ ઉપકરણો નો ટેસ્ટ રીપોર્ટ મોકલવાનો થાય છે.

જે સંદર્ભે જણાવવાનું કે, સદર વિજ જોડાણ તા.૨૨/૭/૨૦૨૧ ના રોજ ચકાસણી કરવામાં આવેલ અને તેનો વિગતવાર તપાસણી અહેવાલ (ચેકીંગ શીટ) નં–બીઝેડ/૨૫૨૨૦ તે જ દિવસે એટલે કે, તા.૨૨/૦૭/૨૦૨૧ થી સ્થળ છોડતા પહેલા ગ્રાહકના પ્રતિનિધિ શ્રી જીગ્નેશભાઈ જી મકવાણા ને રૂબરૂ તેમની સહી લઈ આપવામાં આવેલ હતો. ત્યારબાદ, તેની નકલ ફરીથી આ કચેરી ના અલગ અલગ પત્રોથી પણ આપવામાં આવેલ.

ત્યારબાદ, સીટીપીટી માં આંતરીક ખામીને લીધે ટીટીબી વોલ્ટેજ થોડા અસામાન્ય માલૂમ પડેલ અને થતો વિજ વપરાશ એક્યુચેક રીઝલ્ટ મુજબ ૩.૬૮% ઓછો નોંધાતો એટલે કે, સ્લોનેસ માલૂમ પડેલ હતી. તે સીટીપીટી તા.૨૪/૭/૨૦૨૧ ના રોજ નવું ટેસ્ટ કરી મૂકવામાં આવેલ. અને તેનો પણ વિગતવાર તપાસણી અહેવાલ (ચેકીંગશીટ) નં–બીઝેડ/૨૧૪૩૧ તે જ દિવસે એટલે કે, તા.૨૪/૭/૨૦૨૧ થી તૈયાર કરેલ હતો. તેની નકલ પણ ગ્રાહક ના પ્રતિનિધિ શ્રી જીગ્નેશભાઈ જી મકવાણાને રૂબરૂ તેમની સહી લઈ તે જ દિવસે આપવામાં આવેલ હતો.

આમ, સદર ગ્રાહક ને જે તે સમયે વિજ સ્થાપન ચકાસણી નો અહેવાલ(ચેકીગશીટ) જે તે દિવસે જ આપવામાં આવેલ છે.

તા.૨૪/૭/૨૦૨૧ ના રોજ બદલાવેલ સીટીપીટી યુનિટ નું લેબોરેટરી પરીક્ષણ તા.૩/૯/૨૦૨૧ ના રોજ રૂરલ ડિવિઝન, ભાવનગરની મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં ગ્રાહકના પ્રતિનિધિ શ્રી જીગ્નેશભાઈ જી મકવાણા (મેઈન્ટેનન્સ એન્જીનીયર) ની હાજરીમાં કરવામાં આવેલ હતું. જેનો સંયુક્ત પરીક્ષણ અહેવાલ તૈયાર કરેલ અને તેઓને તેમની સહી લઈ એક નકલ ત્યારે જ આપવામાં આવેલ હતી.

સદર તપાસણી અહેવાલ માં સીટીપીટી ની આંતરીક ખામી અંગે વિગતવાર નોંધ કરેલ છે.

Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૫ ગ્રાહક દ્વારા ઉપલબ્ધ એમઆરઆઈ ડેટા ને નજર અંદાજ કરી ધ્યાને ન લઈ, ૩.૬૮ % સ્લોનેસ દર્શાવી પૂરવણી બિલ આપેલ છે. જે સુસંગત નથી તેવું જણાવેલ છે. જે સંદર્ભે જણાવવાનું કે, સદર ગ્રાહક ના વિજ જોડાણ ના તા.૨૨/૭/૨૦૨૧ ના રોજ રૂટીન ચેકીંગ દરમ્યાન એકયુચેક રીઝલ્ટ માં ૩.૬૮ % સ્લો માલૂમ પડેલ હતું. જેમાં, ટીટીબી એ વોલ્ટેજ માપતા સામાન્ય તફાવત માલૂમ પડેલ. જેથી, તપાસણી અધિકારીશ્રી દ્વારા એલ.ટી.સાઈડ એચ.ટી.મીટર થી લોડ ટેસ્ટ લીધેલ હતો. જેમાં એકયુચેક રીઝલ્ટ માં ૩.૬૮ % જોવા મળેલ હતું. જે એકયુચેક રીઝલ્ટ ના આધારે સદર ગ્રાહક ને સપ્લાય કોડ ની જોગવાઈ અનુસાર કલોઝ નં–૬.૩૩ અન્વયે છ માસ નું પૂરવણી બિલ ઈસ્યુ કરવામાં આવેલ. જેની રકમ રૂા.૧,૧૭,૧૮૫/૨૩ છે. જે ગ્રાહક દ્વારા ભરપાઈ કરવા પાત્ર છે.

આમ, ઉપરોકત જણાવ્યા મુજબ સીટીપીટી માં આંતરીક ખામીને કારણે ટીટીબી વોલ્ટેજ માપતા વોલ્ટેજ માં સામાન્ય તફાવત માલૂમ પડેલ. જેથી, એમઆરઆઈ ડેટામાં તે નકકી ન થઈ શકે તેમજ મીટરમાં વોલ્ટેજ માં ૧૦ ટકા થી વધુ તફાવત હોય તો જ ટેમ્પર કાઉન્ટ માં નોંધાય, જેથી ઓછા તફાવત ને લીધે તે એમઆરઆઈ માં જોવા મળેલ નથી. જેથી એકયુચેક રીઝલ્ટ ને ધ્યાને લઈ અને સપ્લાય કોડ–૨૦૧૫ ની કલમ નં–૬.૩૩ અન્વયે સદર સ્લોનેસ નું પૂરવણી બિલ આપવામાં આવેલ છે. જે ભરપાઈ કરવાને પાત્ર છે. જેથી, ઉપરોકત માહીતીને ધ્યાને લઈ, સદર કેસમાં યોગ્ય કરવા વિનંતી છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

3.૧ અરજદાર મે.ઈન્ડસ્ટ્રીયલ જવેલ્સ પ્રા.લી,ભાવનગર ગ્રા.ન. ૨૩૦૧૪ થી ૩૫૦ કેવીએ નું એચ.ટી.વીજ જોડાણ ધરાવે છે તથા તેમની તા. ૨૧.૦૬.૨૧ની સીટીપીટીમાં ઓઈલ લીકેજની ફરિયાદ અંગે પી.જી.વી.સી.એલ દ્વારા સમયસર જરૂરી કાર્યવાહી ન કરવામાં આવતા તા. ૨૨.૦૭.૨૧ના રૂટીન ચેકિંગમાં એક્યુંચેક ટેસ્ટ લેતા રીઝલ્ટમાં સેકન્ડરી સાઈડે મીટરમાં ઓછા વોલ્ટેજ મળતા હોવાને કારણે ૩.૬૮% વીજ વપરાશ ઓછો માલુમ બતાવી સ્લોનેસનું રૂ. ૧,૧૭,૧૮૫=૨૩ નું આપવામાં આવેલ પૂરવણી બીલ સામે વાંધો ઉઠાવેલ છે.

3.૨ તેમની રજઆત છે કે તેઓની ફરિયાદ સામે પ્રતિવાદી દ્વારા જી.ઈ.આર.સી ના સપ્લાઈ કોડ ૬.૪૨ મુજબ સમારકામ કરેલ નથી બેદરકારી દાખવેલ છે તેમજ જી.ઈ.આર.સી ના સપ્લાય કોડ ૬.૩૩ મુજબ પણ કાર્યવાહી કરેલ ન હોઈ, તેને લીધે આપવામાં આવેલ સ્લોનેસનું પુરવણી બીલ અયોગ્ય છે જે તેઓને માન્ય નથી.

3.3 પ્રતિવાદીની રજૂઆત છે કે તેઓ દ્વારા જી.ઈ.આર.સી. ના સપ્લાય કોડ ૬.૪૦ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે. વાદીના તા. ૨૧.૦૬.૨૧ના પત્રમાં દર્શાવેલ વિગત બાબતે તેઓ દ્વારા તા. ૨૫.૦૬.૨૧ના રોજ એચ.ટી.લાઈનનું રીપેરીગ કામ કરી આપવામાં આવેલ છે. સ્થળ મુલાકાત કરતા સીટીપીટીની બાહ્ય રીતે તપાસણી કરતા ઓઈલ લીકેજ થતું હોય એવું જણાયેલ ન હતું. જે ને લીધે અન્ય કોઈ કાર્યવાહી કરવાની જરૂરિયાત રહેતી નથી તેમજ વાદીની રજૂઆત કે પ્રતિવાદી દ્વારા જી.ઈ.આર.સી. ના સપ્લાય કોડ ૬.૪૨ તથા ૬.૩૩ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ નથી તે યોગ્ય નથી.

3.3 વધુમાં જણાવે છે કે ગ્રાહક દ્વારા તા.૨૧/૬/૨૦૨૧ ના પત્ર થી રજૂઆત કરેલ, ત્યારબાદ જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. અને તા.૨૨/૭/૨૦૨૧ ના રોજ રૂટીન ચેકીગ દરમ્યાન એલ.ટી.સાઈડે એકયુચેક ટેસ્ટ લેતા રીઝલ્ટ માં સેકન્ડરી સાઈડે મીટરમાં ઓછા વોલ્ટેજ મળતા હોવાના કારણે મીટરમાં ૩.૬૮% થતો વિજ વપરાશ ઓછો નોંધાતો માલૂમ પડેલ. જેનો તપાસણી અહેવાલ વિગતવાર ચેકીંગ શીટ નં–બીઝેડ/ ૨૫૨૨૦ તા.૨૨/૭/૨૦૨૧ ને નાયબ ઈજનેરશ્રી એચ.ટી.સ્કવોડ, ઝોનલ કચેરી, ભાવનગર અને નાયબ ઈજનેરશ્રી(લેબ), સીટી –૧ ડિવિઝન, ભાવનગર દ્વારા વિજ જોડાણ ની તપાસણી કરી અહેવાલ તૈયાર કરવામાં આવેલ.જે અન્વયે, રૂા.૧,૧૭,૧૮૫/૨૩ સ્લોનેસ નું બિલ ભરપાઈ કરવા જણાવેલ હતું. આમ, સદર કેસમા જીઈઆરસી સપ્લાય કોડ ના કલમ નં–૬.૧૫ મુજબ વિજ મીટર અને સંલગ્ન વિજ ઉપકરણોની સમયાંતરે જાળવણી કરવામાં આવેલ છે. અને તે માટે જ દર છ માસે નિયમીત રીતે મીટર ની તથા સંલગ્ન ઉપકરણોની ચકાસણી કરવામાં આવે છે. જેની વિગત મુદ્દા નંબર ના કોષ્ટક માં દર્શાવેલ છે. અને આથી જ સદર

Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

પૂરવણી બિલ જીઈઆરસી સપ્લાય કોડ ની કલમ નં–૬.૩૩ મુજબ સ્લોનેસ નું છ માસ નું બિલ આપવામાં આવેલ છે. પ્રતિવાદી દ્વારા છેલ્લા ૨ વર્ષમાં દર ૬ માસે વીજ જોડાણ ચેક કર્યાનો ડેટા ફોરમ ને મુદા.ન. ૨.30 મુજબ રજુ કરેલ છે.

3.૪ આજરોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન પીજીવીસીએલ દ્વારા રજૂ કરેલ તા.૩૦/૯/૨૦૨૧ નો પત્ર નં–૪૭૪૧ તથા સંલગ્ન દસ્તાવેજો અને વિગતવાર સમીક્ષા ના આધારે કમીટી એવા નિર્ણય પર આવેલ છે કે, મીટર માં વોલ્ટેજ માં ૧૦ ટકાથી ઓછો તફાવત હોય, એમઆરઆઈ ડેટામાં ટેમ્પર કાઉન્ટ નોંધાયેલ નથી. પરંતુ, એકયુચેક રીઝલ્ટ માં તા.૨૨/૭/૨૦૨૧ ના રોજ રૂટીન ચેકીગ માં ૩.૬૮ % ધીમું મીટર માલૂમ પડેલ છે. તેના આધારે સપ્લાય કોડ–૨૦૧૫ ની કલમ–૬.૩૩ અન્વયે છ માસનું પૂરવણી બિલ રૂા.૧,૧૭,૧૮૫/૨૩ જે આપવામાં આવેલ છે તે બરાબર છે. વાદી એ ભરવાપાત્ર છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " 3.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(એ.એ.જાડેજા)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૨૮/૦૧/૨૦૨૨.

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar